ગાંધીનગર સમાચાર, પાના નંબર, ૦૮
તારીખ :- ૦૩/૦૨/૨૦૨૬.

# શહેરમાં મેટ્રો કામગીરી પૂર્ણ : નગરના મુખ્ય માર્ગો પર 'ઘ-૫' અને 'ચ-૫' સર્કલ હવે નવા કલેવરમાં જોવા મળશે



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની આગવી ઓળખ સમાન મુખ્ય માર્ગો પરના સર્કલો ફરી એકવાર જીવંત થવા જઈ રહ્યા છે. મેટ્રો રેલ પ્રોજેક્ટના કારણે લાંબા સમયથી જે સર્કલો દૂર કરવામાં આવ્યા હતા, તે પૈકીના મહત્વના ઘ-૫ અને ચ-૫ સર્કલને આધુનિક અને આકર્ષક રીતે વિકસાવવાની તૈયારીઓ કોર્પોરેશન દ્વારા તેજ કરવામાં આવી છે.

ઘ-૫ સર્કલ પર રવિશંકર મહારાજની પ્રતિમા અને રંગબેરંગી ફૂલોનું આકર્ષણ જોવા મળશે. શહેરના પ્રવેશદ્વાર સમાન ઘ-૫ સર્કલના નવીનીકરણનું કામ મહાપાલિકાએ શરૂ કરી દીધું છે. આ સર્કલ પર આવેલી પૂજ્ય રવિશંકર મહારાજની પ્રતિમાને કેન્દ્રમાં રાખીને તેની આસપાસ સુંદર લેન્ડસ્કેપિંગ કરવામાં આવશે. પ્રતિમાની ફરતે વિવિધ પ્રકારના રંગબેરંગી ફૂલ-છોડ વાવવામાં આવી રહ્યા છે. સુરક્ષા અને સુંદરતા માટે સર્કલની આસપાસ આધુનિક ડિઝાઈનર ગ્રીલ લગાવવામાં આવશે. ચ-૫ સર્કલને અત્યાધુનિક લુક આપવા માટે તંત્ર દ્વારા તેને દત્તક આપવાની યોજના છે. આ માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન અથવા ટોરેન્ટ પાવર સાથે મંત્રણા ચાલી રહી છે. આ બંનેમાંથી કોઈ એક સંસ્થા આ સર્કલને દત્તક લઈને તેનું સૌંદર્યીકરણ કરશે, જેથી તે શહેરનું નવું નજરાણું બની રહેશે.

ઉલ્લેખનીય છે કે મેટ્રોની કામગીરી દરમિયાન આ સર્કલોનું અસ્તિત્વ જળવાઈ રહે તે

● અનુસંધાન પાન-૭ પર

અનુસંધાન, પાના. નંબર - ૦૭.

## નવા કલેવરમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે અગાઉથી જ એન્જિનિયરિંગ કૌશલ્યનો ઉપયોગ કરાયો હતો સર્કલની બરાબર ઉપર મેટ્રોનો પિલર ન આવે તે રીતે સ્ટીલના મોટા સ્પાન મૂકવામાં આવ્યા હતા. મેટ્રોના રૂટ નીચેના ડિવાઈડરમાં વૃક્ષારોપણ અને પ્રોટેક્શન ગ્રીલ લગાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. મુખ્ય માર્ગની બંને બાજુએ વૃક્ષોના રક્ષણ માટે ઝાળીઓ લગાવીને 'રક્ષિત વન' વિસ્તારને વધુ ઘટાદાર બનાવવાની તજવીજ હાથ ધરાઈ છે. મેટ્રો ટ્રેનની સુવિધા સાથે હવે ગાંધીનગરના આ માર્ગો અને સર્કલો ફરી પોતાની જૂની ભવ્યતા અને હરિયાળી સાથે પ્રવાસીઓ અને નગરજનોને આકર્ષશે.